GJAR030013972019		દાખલ તારીખ	૧૯/૦૯/૨૦૧૯
		રજીસ્ટર તારીખ	૧૯/૦૯/૨૦૧૯
		ફેસંલ તારીખ	૩૧/૦૭/૨૦૨૬
		કુલ અવધી	**વર્ષ–માસ–દિવસ**
			૦૬ – ૧૦ – ૧૮

મે. ભિલોડાના એડીશનલ સીવીલ જજ અને જયુડી. મેજી. ફસ્ર્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ.....

રેગ્યુલ દીવાની દાવા નં.૩૧/૨૦૧૯
આંક : – ૭૪

વાદી :– **કટારા મંગળાભાઇ ખીમજીભાઇ ગુરજતા વારસો**

૧/૧. કટારા સવીતાબેન તે મંગળાભાઇ ખીમજીભાઇ ની વિધવા ઔરત, ઉ.વ.આ. ૪૬, જાતે સગીર

૧/૨. સગીર એલેશ મંગળાભાઇ કટારા,ઉ.વ.૧૭,

૧/૩. સગીર માનસી મંગળાભાઇ કટારા, ઉ.વ.૧૫, ના કુદરતી વાલી તથા ઇષ્ટ મિત્ર તરીકે કટારા સવીતાબેન મંગળાભાઇ,

૧/૪. કટારા નીસ્પીન્તા મંગળાભાઇ, ઉ.વ.૧૯, તમામ ધમે" : હિન્દુ, ધંધો : ખેતી રે. સરકીલીમડી તા.ભિલોડા જી.અરવલ્લી

વિરૂધ્ધ

પ્રા.વાદીઓ :– **૧.** કટારા જુમલીબેન કાવડાજી તે મનજીભાઇ સેવરાન વિધવા ઔરત ઉ.વ.આ.૭૫ ધમે:ખેતી હાલ રહે. લક્ષ્મણપુરા તા. ભિલોડા જી.અરવલ્લી.

૨. કટારા મંગુબેન કાવડાજી તે કનુભાઇ મોતીભાઇ સુવેરા ની પત્ની ઉ.વ. ૭૨, ધમે : હિન્દુ, ખેતી હાલ રહે. લક્ષ્મણ પુરા તા. ભિલોડા જી.અરવલ્લી.

૩. કટારા હન્નાબેન કાવડાજી તે જીવાભાઇ અસારીની પત્ની ઉ.વ.૬૮, ધમે : હિન્દુ, ધંધો : ખેતી, રહે. વેજપુર તા.ભિલોડા જી.અરવલ્લી

૪. કટારા કોદરીબેન કાવડાજી તે કમજીભાઇ ડોડીયારની ઔરત ગુરજતા વારસો..

૪/૧. હિરાભાઇ કમજીભાઇ ડોડીયાર, ઉ.વ.૪૫

૪/૨. નરસીહભાઇ કમજીભાઇ ડોડીયાર, ઉ.વ.૪૨

૪/૩. રાજુભાઇ કમજીભાઇ ડોડીયાર, ઉ.વ.૩૫

નં.૪/૧ થી ૪/૩, ના ધર્મે : હિન્દુ, ધંધો : ખેતી, રે.પહાડીયા, તા.ભિલોડા, જી.અરવલ્લી

દાવો : – ૩.૯૦૦/– ના આંક થી, ડેકલેરેશન માટે નો તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો ....

વાદીઓ તરફે, વિ.વકીલ શ્રી, આર.સી.જોષી.
પ્રા.વાદી તરફે, વિ.વકીલ શ્રી, બી.એમ.પારઘી. .

– : JUDGEMENT : –
– :: ચુકાદો :: –

(૧) **PLEADINGS FROM PLAINTIFF SIDE : –** વાદી મોજે સરકીલીમડી, તા.ભિલોડાના કાયમી રહીશ છે, તેમજ ખેતી કરી તેઓનું તથા તેઓના કુટુંબનું ગુજરાન ચલાવે છે. જયારે પ્રતિવાદી નં.૧ થી ૩ ના તોએના કુટુંબી ફોઈઓ થાય છે. તેમજ પ્રતિવાદી નં. ૪/૧ થી ૪/૩ ના કુટુંબી ફોઈના દીકરા થાય છે. જે સર્વે. નં. ૮૫ ના રેવન્યુ રેકર્ડ ચાલતા કટારા હીરાબેન તે કાવડાજીની ઔરત જે આશરે ૨૫ વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. **વાદીઓના પિતાશ્રી મોજે સરકીલીમડી ગામે આવેલ સર્વે.નં.૮૫ પૈકીની ૧ એ. ૨૩ ગુંઠા જમીન મૂળ થી પત્યક્ષ કબજે ભોગવટે વાવેતર કરતા આવેલ જે તેઓના પિતાશ્રી ગુજરતા વાદી પ્રત્યક્ષ કબજે ભોગવટે વાવેતર કરતા આવેલ છે. જેનો હાલ રી–સર્વે બાદ નવીન બ્લોક/સર્વે.નં. ૭૨ બનેલ છે. જેની કુલ ૧–૮૯–૩ હે.આરે.ચો.મી આકાર ૩.૩.૦૦ પૈસાવાળી ખેતી ની જમીન પૈકી ની ૧–૨૩ એ. ગુંઠા જમીન મૂળ થી વાદીના**

વડવાઓ પ્રત્યક્ષ કબજે ભોગવટે વાવેતર કરતા આવેલા. જેઓના ગુજરતા હાલ વાદી વાવેતર કરે છે જે જમીનની ચતુર્થ દિશા નીચે વર્ણવ્યા મુજબની છે.

(૨) **Four Side Boundry of Disputed Land :** મોજે સરકીલીમડી, તા.ભિલોડાની સીમના સર્વે.નં.૮૫ નો જેનો હાલ રી–સર્વે બાદ નવીન બ્લોક / સર્વે.નં. ૭૨ ની ચતુર્થ દિશા : –

પૂર્વે : રાજુભાઈની જમીન આવેલ છે.
પશ્ચિમે : વાઘુ આવેલ છે.
ઉત્તરે : સ.ન./બ્લોક નં.૭૨ પૈકી બાકીની જમીન આવેલ છે.
દક્ષીણે : ઓજાટ કુટુંબની જમીન આવેલ છે.

(ઉપરોક્ત ચતુર્થ દિશા વાળી અને સર્વે નં. વાળી જમીન ને ચુકાદાના કામે હવે પછી તકરારી જમીન તરીકે ઉલ્લેખ કરલે છે.)

(૩) **Coues of Action Arise :** – તકરારી જમીન વાદી વડીલો વખત થી મૂળ થી પ્રત્યક્ષ કબજેને ભોગવટે વાવેતર કરતા આવેલ છે. તેમજ આજે પણ કરે છે. જે આ કામના પ્રતિવાદીઓના પિતાશ્રી કટારા કાવડાજી નાનો દાવાવાળી જમીન ઉપર કોઈજ કબજો ભોગવટો ન હોવા છતાં વાદીના કબ્જા ભોગવટા વાળી દાવાવાળી જમીન યાને ૧ – ૨૩ એ. ગુંઠા વાદવાળી જમીન પણ રેવન્યુ રેકર્ડ જેતે વખતે કોઈ પણ કબજો ન હોવા છતાં રેવન્યુ રેકર્ડ તદ્ધન ખોટી રીતે તેઓના નામે ચઢાવી દીધેલ છે. પરંતુ સ્થળે કબજો ભોગવટો ક્યારેય દાવાવાળી જમીનમાં પ્રતિવાદી ઓનો આવેલ ન હતો કે આજે પણ નથી. જે દાવાવાળી ખેતીની જમીનમાં વાદીઓના વડીલ સર્વે પહેલાના સમયથી આ કામના પ્રતિવાદીઓની જાણમાં વાવેતર કરતા આવેલા જેઓ ગુજરતા વાદી સતત વિના રોકટોક, શાંત રીતે આજદિન સુંધી વાદવાળી જમીનનો કબજો ભોગવટો, ધરાવતા આવેલ છે, તેમજ આજે પણ ધરાવે છે, તેમજ સદર દાવાવાળી જમીનમાં વાદીએ ચાલુ સાલે તાજેતરમાં ચોમાસાની સીઝનમાં પણ વાવેતર કરલે છે. જે વાદી દાવાવાળી જમીનમાં ખેતી કામ કરી રહ્યા હતા તે દરમ્યાન

પ્રતિવાદીઓ ચાર દિવસ અગાઉ વાદવાળી જમીનમાં તેઓના ભાડુંતી માણસો લઈને ઘસી આવેલા અને વાદીને જણાવવા લાગેલા કે, "ભલે તમો વાદીના વડીલ વાદવાળી જમીનમાં વાવેતર કરતા આવેલા તેમજ તમારા વડીલના ગુજરતા તમો વાવેતર કરતા હોય તેમજ ભલે તમો વાદવાળી જમીનમાં બાપદાદા ના વખતથી ૬૦ વર્ષ ઉપરાંતના સમયથી વાવેતર કરો છો, પરંતુ હવે તમારે સદરહું દાવાવાળી જમીનનો કબજો ભોગવટો પ્રતિવાદીઓને સોપી દેવાનો છે તેમજ જો તમો વાડી દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓને નહી સોપો તો પ્રતિવાદીઓ તમો વાદી તથા તમારા કુટુંબના માણસોના ટાટીયા ભાગી નાખીશું" તેમજ વાદી પાસેથી ગમે તે ભોગે દાવાવાળી જમીનનો કબજો પડાવી ને જ જંપીશું," તેવી આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનનો વાદી પાસેથી બળપૂર્વક કબજો પડાવી લેવાની ગેરકાયદેસર ધમકીઓ ઉચ્ચારેલી હોઈ અને તેમ કરી આ કમાન પ્રતિવાદીઓએ વાદીના દીવાની હક્કોને પડકારેલ હોઈ, તેથી અને ત્યારથી આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતમાં વાડીનો રહેલો શાંત કબજો ભોગવટો કાયદાની પ્રકિયા હાથ ધર્યા સિવાય પડાવી લેવાનો કોઈજ હક્ક અધિકાર નથી તેવું ઠરાવવા તથા વાદી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓની જાણમાં બાપદાદાના સમયથી આશરે ૬૦ વર્ષ ઉપરાંતના સમયથી સતત, વિનારોકટોકે શાંત કબજો ભોગવટો ધરાવતા હોઈ અમો વાદી દાવાવાળી મિલકતના "એડવર્ષ પઝેશન" આધારે માલિક મુખત્યાર, બનેલ છે તેવું ઠરાવવા, તથા પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનનો ગેરકાયદેસર રીતે કબજો પડાવી લેવાની આપેલ ધમકીઓ ગેરકાયદેસર ઠરાવવા ડેકલેરેશન માટે તથા વાદી દાવાવાળી મિલ્કમાં જાતે કે, માણસો મારફતે ખેતી અંગેનું કોઈપણ કામ કાજ કરી કરાવીએ તેમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના ભાડુંતી માણસો, નોકરો મારફતે હરકત – હેલો અંતરાય રૂકાવટ કરે કરાવે નહી કે, દાવાવાળી જમીનનો અમો વાદી પાસેથી બળપૂર્વક કબજો પડાવી લે – લેવડાવે નહી તેવો કાયમી મનાઈહુકમ આ કામના પ્રતિવાદીઓ વિરુદ્ધ મેળવવા માટે આ દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરુદ્ધ મેળવવા માટે અત્રેની કોર્ટમાં હકુમત હોઈ દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ હોવાનું કઠણ કરલે છે. વધુમાં, દાવો સમય મર્યાદામાં દાખલ કરેલ હોવાનું અને પક્ષકારોનો બાધ નડતો નથી, તથા મિલકત

સ્થાવર મિલકત હોઈ જે અત્રેની કોર્ટની હકુમતમાં રહેલ હોઈ જેથી અત્રેની કોર્ટને દાવો ચાલવાની અને સાંભળવાની હકુમત હોઈ, તથા વાડીઓનું સરનામું સી.પી.સી.ઓ – ૦૬ રૂલ, ૧૪(એ) મુજબ ખરૂં અને સાચું હોવાનું તથા દાવો ડેકલેરેશન અને કાયમી મનાઈહુકમ માટે દાખલ કરલે હોઈ, દાવાનો ફિક્સ આંક : રૂ.૯૦૦/– નો બાંધેલ હોઈ તે ઉપર જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રૂ.૧૦૦/– લગાડી હાલનો દાવો દાખલ કરલે હોવાનું કથન કરેલ છે અને જાહેર કરલે છે.

(૪) હાલનો દાવો કરી વાદી દ્વારા પ્રતિવાદીઓ વિરુધ્ધ માગેલ છે કે : –

(અ) દાવાઅરજીના પેરા – ૨, માં જણાવેલી ચતુર્થસીમા તથા હદ મરજાદ વાળી મોજે **સરકીલીમડી, તા.ભિલોડાની સીમના જુના (સ.નં.૮૫) જેનો નવીન સર્વે/બ્લોક નં. ૭૨, પૈકીની ૧–૨૩, એ.ગુંઠાવાળી** જમીનમાં વાદી તેઓના વડીલો વખત થી પ્રતિવાદીઓના વડીલ તથા પ્રતિવાદીઓની જાણમાં સતત, વિના રોકટોક, શાંત રીતે દાવાવાળી જમીનમાં ૬૦ વર્ષ ઉપરાંતના સમયથી કબજો ભોગવટો વાવેતર ધરાવતા હોઈ જેથી પ્રતિવાદીઓને દાવાવાળી મિલકતમાં વાદીઓનો રહેલ શાંત કબજો ભોગવટો કાયદાની પ્રકિયા હાથ ધર્યા સિવાય પડાવી લેવાનો કોઈજ હક્ક અધિકાર નથી તેવું ઠરાવો.

(બ) વધુમાં, ઉપરોક્ત દાવાઅરજીના પેરા નં. – ૨, માં વર્ણવેલ દાવા વાળી જમીનમાં, વાદી **"એડવર્શ પઝેશન"** આધારે માલિક અને મુખત્યાર બનેલ છે તેવું ઠરાવવા અને, પ્રતિવાદી ઓએ દાવાવાળી જમીનનો ગેરકાયદેસર રીતે કબજો પડાવી લેવાની આપેલ ધમકી ગેરકાયદેસર ઠરાવવા, દાદ માગેલ છે.

(ક) દાવાવાળી, મિલકત જેનો જુનો સર્વે નં.૮૫, નવીન સર્વે નં./બ્લોક નં. ૭૨ પૈકીની ૧ એ.૨૩ ગુંઠા વાળી દાવાવાળી જમીનમાં વાદી જાતે કે, માણસો મારફતે ખતી અંગેનું કોઈ પણ કામ કાજ કરે કરાવે તેમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના ભાડુતી માણસો, નોકરો મારફતે હરકત–હેલો અંતરાય રૂકાવટ કરે કરાવે નહી કે દાવાવાળી જમીનનો વાદી પાસેથી

કાયદાની પ્રક્રિયા હાથ ધર્યા સિવાય બળપૂર્વક કબજો પડાવી લે – લેવડાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ આ કામના પ્રતિવાદીઓ વિરુદ્ધ ફરમાવવા અરજ કરલે છે.

(૬) વધુમાં, દાવાનું તમમાં ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ મેળવવા, તથા ના. કોર્ટને યોગ્ય, અને ન્યાયી લાગે તેવી અન્ય દાદ અપાવવા અરજ કરલે છે.

(૫) PLEADINGS FROM DEFENDANT SIDE :–

(૧) આ કામના પ્રતિવાદીઓને દાવાનો સમન્સ બજતા પ્રતિવાદી તેમના વકિલશ્રી મારફત હાજર થયેલ છે. આ કામના પ્રતિવાદી તરફે **આંક – ૧૭** થી દાવા અરજીનો પ્રતિવાદી નં.૨ થી ૪/૩, સુંધીના પ્રતિવાદી ઓએ જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદીએ તેમના વાંધા જવાબમાં દાવા અરજીની હકીકતોનો મહદ અંશે ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, વાદીની દાવા અરજી ના પેરા નં.૨ ની હકીકતો તદન ખોટી અને ઉપજાવી કાઢેલ છે જે તમામ હકીકતો વાદીએ પુરાવા થી સાબીત કરવી જોઈએ. આ કામે વાદીના જણાવ્યા મુજબ મોજે સરકીલીમડી ગામમાં આવેલ સર્વે નં.૮૫ પૈકી ની કુલ જમીન અમો પ્રતિવાદી ઓના બાપ દાદાઓ પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી કબજો ભોગવટો કરતા હતા. અમો પ્રતિવાદીઓના પિતાશ્રી ગુજરતાં અમો હાલ પ્રતિવાદીઓ સીધીલીટી વારસદારો તરીકે સદર સર્વે નંબરમાં કબજો માલીકી હકક ધરાવી જાતે ખેડ ખાતર વાવેતર કરી ભોગવટો કરીએ છીએ તથા અમારા મરહમુ પિતાશ્રીના સીધી લીટીના વારસદારો તરીકે રેવન્યુ રેકર્ડ કબજો માલીકી હકક ધરાવીએ છીએ આ સર્વે નં.૮૫ માં હાલ રી –સર્વે બાદ નવીન બ્લોક/સર્વે નં.૭૨/૧ પડેલ છે જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૮૯–૦૩ વાળી જમીનના અમો પ્રતિવાદી સીવાય બીજુ કોઈ માલીકી નથી કે, અમો પ્રતિવાદી સીવાય બીજા કોઈ નો કબજો અધિકાર આવેલ નથી. આ કામે વાદીએ જણાવેલ ચતુરસીમા પણ તદન ખોટી છે, જે તમામ હકીકતો વાદીએ પુરાવા ઓથી સાબીત કરવી જોઈએ. આ કામે સદરહુ સર્વે નં.૮૫ ની પૂર્વે સર્વે નં.૮૮, ૮૯ ના માલીકોની જમીન આવેલી છે. ઉત્તરે આ કામનાવાદીનો સર્વે નં.૮૪ આવેલ છે. જયારે દક્ષિણ દિશાએ સર્વે નં.૮૬ અને ૮૭ ની

જમીન આવેલ છે. પશ્ચિમે વાંધુ આવેલ છે. આમ વાદીએ દર્શાવેલ ચતુરસીમા તદન ખોટી છે.

(૨) **વધુમાં,** આ કામના વાદીના પેરા નં.૩ ની હકીકતોમાં જણાવેલ દાવાનુ કારણ તદન ખોટુ જણાવેલ છે પેરા નં.૩ માં જણાવેલ તમામ હકીકતો તદ્ધન ખોટી છે જે તમામ હકીકતો વાદીએ પુરાવાઓ થી સાબીત કરવી જોઈએ. આ કામના વાદીની અમારા સદરહુ સર્વે નંબરમાં કોઈ પ્રકારે સ્થળ પર કે રેવન્યુ રેકર્ડ કોઈ પ્રકારે માલીકી હકક આવેલ નથી અમો પ્રતિવાદીઓ સદરહુ સર્વે નંબરમાં અમારા મરહુમ પિતાશ્રી ના વારસદારો તરીકે માલીકી અને કબજો ધરાવીએ છીએ જે હકીકતો રેવન્યુ રેકર્ડે સ્પષ્ટ જણાઈ આવે છે. સદરહુ સર્વે નંબર વાળી જમીનમાં વાદી કે, તેમના પિતાશ્રીનો કોઈ લાગ ભાગ કે હકક હિસ્સો આવેલ ન હોઈ કે, આ કામના વાદીનો પણ સદર સર્વે નં.૮૫ માં કોઈ લાગ ભાગ આવેલ નથી. સદરહુ સર્વે નંબરમાં શરૂઆત થી જ અમો પ્રતિવાદી ઓના પિતાશ્રી કટારા કાવડાજીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલ છે તથા રેવન્યુ રેકર્ડ અમારા સ્વર્ગસ્થ પિતાશ્રીનુ નામ ચાલતુ હતુ તે પછી તેઓના સીધી લીટીના વારસદારો તરીકે, પ્રતિવાદીઓનુ નામ ચાલે છે. પ્રતિવાદીઓ હાલ સદર સર્વે નંબર ૮૫ વાળી જમીનમાં બીના રોક ટોક જાતે ખેડ ખાતર વાવેતર કરીએ છીએ અને અમારો શાંત રીતે આજ દિન સુધી વાદવાળી જમીનમાં કબજો ભોગવટો આવેલ છે. સદરહુ દાવાવાળી જમીનમાં પ્રતિવાદી વર્ષો થી વાવેતર કરે છે. તે જ રીતે ચાલુ સાલે પણ અમારો કબજો ભોગવટો આવેલો છે અને અમારા સ્વર્ગસ્થ પિતાશ્રી કટારા કાવડાજી સાંજાજીનુ પેઢીનામુ જોઈએ તો તેમાં પણ અમો પ્રતિવાદીઓ સીવાય બીજા કોઈ નો લાગ ભાગ કે હકક હિસ્સો આવેલ નથી સદરહુ જુનો સર્વે નં.૮૫ જેનો નવીન બ્લોક /સર્વે નં.૭૨ વાળી જમીનનુ ગામ નમુનો ૧૬ જોઈએ તો તેમાં પણ અમો પ્રતિવાદી નં.૨ વિગેરે નાઓનો સ્થળ કબજો તથા કુવો વગેરે ની હકીકત દર્શાવેલ છે અમો પ્રતિવાદીઓ સદરહુ દાવાવાળી જમીન થી દૂર રહેતા હોઈ આ કામના વાદી અમો પ્રતિવાદી ઓના સ્વતંત્ર માલીકીના કબજા ભોગવટામાં હસ્તક્ષેપ કરી ગેરકાયદેસર રીતે સદરહું જમીન પડાવી લેવા તજવીજ કરી રહેલ છે. આ વાદવાળી જમીનમાં પ્રતિવાદીઓ, બાપ દાદાના વખતથી આશરે ૧૦૦ વર્ષ ઉપરાંત થી કાયદેસરનો કબજો માલીકી હકક ધરાવી ખેતી

છે. સદરહુ દાવાવાળી જમીનમાં વાદીનો કયારે કબજો રહેલ નથી વાદીને આ સર્વે નં.૭૨ સાથે કોઈ લેવા દેવા નથી અમો પ્રતિવાદી સીવાય આ વાદવાળા સર્વે નંબરમાં બીજા કોઈનો કબજો હકક અધિકાર આવેલ નથી પ્રતિવાદીઓએ વાદીને કોઈ પ્રકારે ધમકી આપેલ નથી આ કામે વાદીને અમારા આ સર્વે નંબર. ૭૨ માં કાયદેસર પ્રક્રિયા કરવાનો કોઈ અધિકાર કે હકક નથી. જેથી વાદીએ દાવાનુ જે કારણ ઉપસ્થિત કરેલ છે તે તદન ખોટુ છે. સદરહુ વાદવાળી મીલકતમાં વાદી નુ કોઈ એડવર્સ પજેશન નથી કે તેમાં કોઈ માલીકી હકક નથી. જેથી વાદી કોઈ પણ દાદ મેળવવા કોઈ પણ રીતે હકકદાર નથી.

(૩) **વધુમાં,** વાદીએ દાવા અરજીના પેરા નં.૪ માં માગેલ દાદ તદન ખોટી છે આવી દાદ મેળવવા વાદી કોઈ પણ રીતે હકકદાર નથી. વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલ જુનો સર્વે નં.૮૫ જેનો નવો બ્લોક/સર્વે નં.૭૨ છે જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૮૯-૦૩ નુ આવેલ છે જેમાં અમો પ્રતિવાદીઓ સીવાય બીજા કોઈનો હકક અધિકારી આવેલ નથી આ કામના વાદીએ તેમના વડીલોને તેઓના માલીકીના સદરહુ સર્વે નંબરમાં કયારે કોઈ કબજો કે ભોગવટો આવેલ નથી કે, કોઈ પ્રકારનો એડવર્સ પજેશન આવેલ નથી આ કામના વાદી પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલનો ખોટો દાવો દાખલ કરી, પ્રતિવાદી ઓને મોટુ આર્થિક નુકશાન પહોચાડી ગેરકાયદેસર રીતે કબજો માલીકી હકક પડાવી લેવાની કોશીશ કરેલ છે, વાદીએ એમની દાવા અરજીના પેરા નં.૪ માં, પ્રતિવાદીઓ વિરૂધ્ધ માગેલ દાદમાં (અ) થી (ઈ) સુધી ની તમામ દાદ ખોટી છે આવી દાદ મેળવવા વાદી કોઈ પણ રેતી હકકદાર નથી સદર દાવાવાળી જમીનમાં, પ્રતિવાદીઓ સીવાય બીજા કોઈનો કોઈ પણ પ્રકારે કબજો કે માલીકી હકક આવેલ નથી.

(૪) **વધુમાં,** સર્વે. નંબરમાં પ્રતિવાદી સીવાય સ્થળ પર કે રેવન્યુ રેકર્ડ અમારા સીવાય બીજા કોઈ આ કામના વાદીએ સદર વાદવાળી જુનો સર્વે નં.૮૫ જેનો નવો બ્લોક/સર્વે નં.૭૨ માં કયારે કોઈ પ્રકારે કોઈ પણ જાતનો હકકી કે અધિકાર આવેલ નથી સદર બ્લોક / સર્વે નંબરના માલીક નથી કે બીજા કોઈ કબજો અધિકાર નથી પ્રતિવાદીઓ સીવાય આ વાદવાળી જમીનમાં બીજુ કોઈ ખેતી કરતુ

નથી કે અમારા સીવાય બીજા કોઈનો કબજો કે માલીકી કે અધિકાર નથી. સદર દાવાવાળી જમીન પ્રતિવાદીઓની સંયુકત માલિકીની વડીલોપાર્જીત મીલકત આવેલી છે. પહેલા અમારા બાપ દાદાઓ પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી ખેતી કરતા હતા તે જ રીતે હાલમાં પ્રતિવાદીઓ પ્રત્યક્ષ કબજો ધરાવી ખેડ ખાતર વાવેતર કરીએ છીએ. આ કામના વાદીનુ કુટુંબ તથા, પ્રતિવાદીઓના બાપ દાદાનુ કુટુંબ અલગ હોઈ વાદી વારસદાર તરીકે પણ આવી શકે તેમ નથી. વાદી ફકત અમારી જમીનના પાડોશી હોઈ, પ્રતિવાદીઓનો કોઈ ભાઈ ના હોઈ આ દાવાવાળી જમીન પડાવી લેવા હાલનો આ ખોટો દાખલ કરેલ છે આ કામના વાદી, પ્રતિવાદીને આ દાવાવાળી જમીન પડાવી લેવા અવાર નવાર ધાક ધમકીઓ આપી ખરાબ ગાળો બોલી ધમકીઓ આપતા હોઈ તથા અમારી ગેરહાજરીમાં દાવાવાળી જમીનમાં, પ્રતિવાદીઓએ કરેલ વાવેતરનુ ભેળાણ કરી હેરાન કરે છે તથા વેચાણ આપી દેવાધમકીઓ આપે છે તથા અમારો શાંત પ્રત્યક્ષ કબજો પડાવી લેવાનો પ્રયત્ન કરી રહેલ છે સદરહુ દાવાવાળી જમીનના પ્રતિવાદીઓ રેવન્યુ રેકર્ડ તથા સ્થળ પર કબજેદાર તથા માલીકી છીએ પ્રતિવાદીઓનો પ્રત્યક્ષ કબજો માલીકી હકક આવેલ છે તથા જાતે ખેડ ખાતર વાવેતર કરીએ છીએ. સદરહુ જમીન અમારી વડીલો પાર્જીત જમીન આવેલ છે તથા પ્રતિવાદીઓ સદર દાવાવાળી જમીનના સીધીલીટીના કાયદેસર વારસદારો તથા માલીકી છીએ. વાદીને કે તેના પિતાને આ જમીન સાથે કોઈ જ પ્રકારે લેવા દેવા નથી કે વાદીનો આ જમીનમાં કયારે કબજો આવેલ નથી કે ખેતી કરતા હોય તેવી હકીકત બનેલ નથી. આમ આ કામના વાદીએ તેમની દાવા અરજીમાં તદ્ધન ખોટી હકીકતો ઉપસ્થિત કરી ખોટા આધાર પુરાવા રજુ કરી તથા આ કામે દાવાનુ કારણ તદન ખોટી ઉપસ્થિત કરી તમામ પ્રકારે ખોટી દાદ માગી હાલનો દાવો, પ્રતિવાદીઓ વિરૂધ્ધ કરી પ્રતિવાદીઓને મોટા આર્થિક નુકશાનમાં પહોચાડી તથા અમારો શાંત પ્રત્યક્ષ કબજો પડાવી લેવાના બદ ઈરાદે તથા પ્રતિવાદી રેવન્યુ રેકર્ડે કાયદેસરના માલીક હોવા છતાં અમારા કબજા ભોગવટા માલીકી હકક માં હરકત હેલો કરવાની કોશીશ કરેલ હોઈ વાદીનો સદર દાવો ખર્ચ સહિત નામંજુર કરવા નમ્ર અરજ ગુજારીએ છીએ તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી પ્રતિવાદીઓના હકકમાં યોગ્ય હુકમ કરવા નમ્ર અરજ ગુજારીએ છીએ.

(૫) **વધુમાં,** પ્રતિવાદી નં. ૧ તરફે આંક : ૦૧ થી લેખિત જવાબ રજુ કરલે છે તેઓએ આ કામના વાદીની દાવા અરજીના પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેની વીગતો જેવી કે, વાદી મોજે સરકીલીમડી, તા.ભીલોડાના કાયમી રહીશ છીએ. તેમજ ખેતી કરી અમારુ તથા અમારા કુટુંબનુ ગુજરાન ચલાવીએ છીએ. આ કામના પ્રતીવાદીનં.૧ થી ૩ ના અમારા કુટુબી ફોઈઓ થાય છે. તેમજ પ્રતીવાદીનં.૪/ ૧ થી ૪/ ૩ ના કુટુંબી ફોઈના દીકરા થાય છે. જે સ.ન.૮૫ ના રેવન્યુ રેકડે ચાલતા કટારા હીરાબેન તે કાવડાજીની ઔરત આશરે ૨૫ વષદ્ અગાઉ ગુજરી ગયેલ છે " જે વાદીના દાવાઅરજીના પેરા–૧ ની વીગતો સાથે કોઈ તકરાર નથી. વાદીની દાવા અરજીના પેરા– ૨ માં જણાવ્યા પ્રમાણેની વીગતો જેવી કે" વાદીઓના પીતાશ્રી મોજે સરકીલીમડી ગામે આવેલ સ.ન. ૮૫ પૈકીની ૧ એ. ૨૩ ગુંઠા જમીન મુળથી પ્રત્યક્ષ કબજે ભોગવટે વાવેતર કરતા આવેલા. જે અમારા પીતાશ્રી ગુજરતા વાદી પ્રત્યક્ષ કબજે ભોગવટે વાવેતર કરતા આવેલ છીએ. જે સદરહુ મોજે સરકીલીમડી,તા.ભીલોડાની સીમના સ.ન. ૮૫ નો જેનો હાલ રી– સવહે બાદ નવીન બ્લોક/ સ.ન. ૭૨ બનેલ છે. જેની કુલ ૧– ૮૯– ૦૩ હે.આરે.ચો.મી. આકાર ૩.૩.૦૦ પૈસાવાળી ખેતીની જમીન પૈકીની ૧– ૨૩ એ.ગુંઠા જમીન મુળ થી વાદીના વડવાઓ પ્રત્યક્ષ કબજે ભોગવટે વાવેતર કરતા આવેલા. જેઓના ગુજરતા વાદી વાવેતર કરતા આવેલ છીએ." જે વાદીના દાવાઅરજીના પેરા– ૨ માં જણાવ્યા પ્રમાણેની વીગતો સાથે તકરાર નથી તેમજ તે વીગતો કબુલ રાખીએ છીએ. તેમજ વાદીએ દાવાઅરજીના પેરા– ૨ માં જે ૧– ૨૩ ગુંઠા જમીનની ચતુરસીમા દશાવેલ છે જે ચતુરસીમાવાળી જમીન ખરેખર પ્રતીવાદીનં.૧ ની સ્થળે આવેલ જમીન છે. જેથી વાદીની દાવાઅરજીમાં પેરા– ૨ માં જણાવેલ ૧– ૨૩ એ.ગુંઠા જમીનની ચતુરસીમા બાબતે કોઈજ તકરાર નથી. પ્રતીવાદીનં.૧ ના વાદીની દાવાઅરજીના પેરા– ૩ માં જણાવેલ વીગતો અંશતઃ કબુલ રાખીએ છીએ. તેમજ દાવાવાળી જમીનમાં વાદી વડીલો વખતથી આશરે ૬૦ વરસ ઉપરાંતના સમય થી પ્રતીવાદીનં.૧ ની જાણમાં વાવેતર કરતા હોવાની વીગતો સાથે તકરાર નથી પરંતુ, પ્રતીવાદીનં.૧ નાએ વાદીની દાવાવાળી જમીનનો કબજો પડાવી લેવા કોઈ ધમકીઓ

આપેલાની વીગતો ખરી નથી. ખરી હકીકતે, મોજે સરકીલીમડી,તા.ભીલોડાની સીમના જુના સ.ન.૮૫ નવીન સ.ન.૭૨ ની ટોટલ ૧– ૮૯– ૦૩ હે.આરે.ચોમી. જમીન આવેલ છે. જેમાં તમામ પ્રતીવાદીઓના નામો રેવન્યુ રેકડે ચાલે છે. જેમાં પ્રતીવાદી નં.૨, થી ૪/૩ તથા પ્રતીવાદીનં.૧ ના સ્થળે વરાડે પડતા હીસ્સા સ્થળે શેઢા પાડી વર્ષો જુના આવેલ. જે સદરહુસ.ન.૭૨ પૈકી પ્રતીવાદીનં.૧ નો વરાડે પડતો ૧– ૨૩ એ.ગુંઠા હીસ્સો આવેલ છે જે પ્રતીવાદીનં.૧ ના હીસ્સે વરાડે પડતા આવેલ સદરહુ જમીનની ચતુરસીમા આ કામના વાદીએ દાવાઅરજીના પેરા– ૨ માં જણાવેલ છે યાનેકે વાદીએ જે ચતુરસીમા દશાવી દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખ કરી દાવો દાખલ કરેલ છે જે વાદીએ પ્રતીવાદી, નં.૧ ના વરાડે પડતા હીસ્સે આવેલ જમીન ઉપર દાવો કરેલ છે જે, પ્રતીવાદી નં.૧ ના વરાડે પડતા આવેલ સદરહુ દાવાવાળી જમીન યાને ૧–૨૩ એ.ગુંઠા જમીનમાં પ્રતીવાદી નં.૨ થી ૪/૩ ને કોઈજ લેવા–દેવા નથી કે સદરહુ દાવાવાળી જમીનમાં પ્રતીવાદી નં.૨ થી ૪/૩ નુ કોઈજ હકક, હીત, હીસ્સો કે, કબજો ભોગવટો આવેલ ન હતુ કે આજે પણ નથી. તેમજ સદરહુ દાવા વાળી જમીન પ્રતીવાદી નં.૧ ના વરાડે પડતા હિસ્સે આવેલ જમીન છે જે સદરહુ દાવાવાળી વાદીના દાવાઅરજીના પેરા– ૨ માં જણાવેલ ચતુરસીમાવાળી જમીન મુળ પ્રતીવાદી નં.૧ ની માલીકીની આવેલ છે જે સદરહુ દાવાવાળી જમીનમાં આ કામના વાદીના વડીલે આશરે ૬૦ વરસ અગાઉ પ્રતીવાદી નં.૧ પાસેથી કબજો લઈ લીધેલ છે તેમજ આ કામના વાદી વડીલો વખતથી આશરે ૬૦ વરસ ઉપરાંતના સમયથી દાવવાવાળી જમીનમાં ગેરકાયદેસર રીતે વાવેતર કરી કબજો ધરાવે છે. તેમજ આજેપણ દાવાવાળી જમીનમાં કબજો ભોગવટો વાદી પાસે આવેલ છે. તેમજ છેલ્લા ૬૦ વરસ ઉપરાંતના સમયથી આ કામના વાદીએ દાવાવાળી જમીનનો, પ્રતીવાદી, નં. ૧ નાને કબજો સોપેલ નથી તેમજ અમારી જાણમાં દાવાવાળી જમીનનો કબજો વાદી વડીલો વખતથી ૬૦ વરસ ઉપરાંતના સમયથી ધરાવી વાવેતર કરતા આવેલ છે તેમજ આજેપણ કરે છે. જે વાદીની દાવઅરજીના દાદના પેરા – ૪ અ,બ,ક,ડ,ઈ માં માંગેલ મુજબની દાદ વાદીને આપવામાં આવે તો પ્રતીવાદીનં.૧ નાને કોઈજ વાંધો– વીરોધ કે તર– તકરાર નથી.

તેમજ વાદીએ પ્રતીવાદીનં.૧ ના હીસ્સાની દાવાઅરજીના પેરા– ૨ માં જણાવેલ ચતુરસીમાવાળી જમીન બાબતે દાવો દાખલ કરેલ હોઈ જે દાવાવાળી જમીન પ્રતીવાદી નં.૧ ના હીસ્સાની આવેલી હોઈ જેમાં પ્રતીવાદીનં.૨ થી ૪/૩ ને કોઈજ લેવા–દેવા ન હોઈ, પ્રતીવાદી નં.૧ ના વાદીનો દાવો કબુલ રાખીએ છીએ. તેમજ વાદીનો દાવો ડીકી કરવામાં આવે તો અમારો કોઈજ વાંધો તકરાર નથી. જે ઉપરોકત લેખીત જવાબ નીગાહે લઈ યોગ્ય હુકમ કરવા વીનંતી છે. તેમજ ઉપરોકત લેખીત જવાબ સીવાય અન્ય કોઈજ જવાબ કરવા માંગતા નથી.

(૬) **ISSUE FRAMED FOR FINAL DISPOSAL OF SUIT :** – સદર દાવા નિર્ણયાર્થે મારી અગાઉના વિ.સિવિલ જજ સાહેબશ્રીએ આંક – ૨૬ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલ છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, મોજે સીરકીલીમડીની સીમના જુના સર્વે નં. ૮૫ અને, નવા બ્લોક/ સર્વે. નં. ૭૨, ૧–૮૯–૦૩ હે.આરે.ચો.મી. વાળી મિલકતમાં, પ્રતિવાદીઓની જાણમાં, વાદી શરૂઆત/મુળ થી પ્રયક્ષ કબજો ભોગવટો ઘરાવી વાવેતર કરે છે?

(૨) શું વાદી સાબિત કરે છે કે, વાદી કટારા કાવડાજીના સીધીલીટીના વારસદાર છે?

(૩) શું પ્રતિવાદી પુરવાર કરલે છે કે, વાદી તથા પ્રતિવાદીઓ બન્ને અલગ અલગ કુટુંબની વ્યક્તિઓ છે?

(૪) શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૫) શું હુકમ અને હુકમનામું?

(૭) **FINAL DECISION OF ISSUE : – સદર મુદ્દાના નિર્ણયના માટે અત્રેની કોર્ટના જવાબ નીચે મુજબ છે**

૧. નકારમાં
૨. નકારમાં
૩. હકારમાં
૪. નકારમાં
૫. આખરી હુકમ મુજબ.

(૮) **DESCRIPTION OF ORAL AND DOCUMENTARY EVIDENCE FROM PLAINTIFF :** – આ કામના વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

ક્રમ	વિગત (વર્ણન)	નિશાની
૦૧	ખાતા નં. ૧૦૭ ના ૮/અ, ના ઉતારાની સહી સિક્કા વાળી નકલ.	૪/૧
૦૨	સર્વે નં. ૭૨ નો ૭/૧૨, ના ઉતારાની સહી સિક્કાવાળી નકલ	૪/૨
૦૩	વાદીના આધારકાર્ડની નકલ	૪/૩
૦૪	મંગળાભાઈ ખીમજીભાઈ કટારાનો મરણનો દાખલો	૨૨/૧
૦૫	પેઢીનામાની નકલ	૨૨/૨
૦૬	પુરાવા બંધની પુર્સીસ	૪૮

(૯) **DESCRIPTION OF ORAL AND DOCUMENTARY EVIDENCE FROM DEFENDANT :** – આ કામના પ્રા.વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

ક્રમ	વિગત (વર્ણન)	નિશાની
૦૧	સ્વ. કાવડાજી કટારા નું પેઢી નામું	૬૦/૧
૦૨	સર્વે.નં.૭૨માં મંગુબેન કાવડાજી ના નામે આવેલ કુવા બાબતેનું પિયત સાધનો નું અસલ પત્રક ત.ક.મંત્રીશ્રીના સહી સિક્કાવાળું.	૬૦/૨
૦૩	સર્વે.નં.૭૨માં કટારા મંગુબેન કાવડાજી વી.નામે	૬૦/૩

	કુવામાં પૂરતા પાણી અંગેનો અસલ દાખલો ત.ક.મન્ત્રીશ્રીના સહી સિક્કાવાળું.	
૦૪	સ્વ.કટારા કાવડાજી સોમાજીના મરણ અંગેનું ત.ક.મંત્રીશ્રી કાગડાગ્રામ પંચાયત રૂબરૂ પંચનામ સહી સિક્કા વાળો દાખલો.	૬૦/૪
૦૫	સ્વ.માતુશ્રી કટારા હીરાબેન કાવડાજી ના મરણ અંગેનું ત.ક.મંત્રીશ્રી દ્વારા કાગડામહુડા રૂબરૂ પંચોની સહી સાથેનો દાખલો.	૬૦/૫
૦૬	મોજે સરકીલીમડીના સર્વે નં. ૭૨ નો ત.ક.મંત્રીશ્રી દ્વારા આપવામાં આવેલ રફ સ્કેચ.	૬૦/૬
૦૭	પુરાવા બંધની પુર્સીસ	૬૭

(૧૦) **BOTH SIDE ARGUMENTS :** – ત્યાર, બાદ આ કામના **વાદીના વી.વકીલશ્રી ની મુખ્ય દલીલ છે કે,** સદર કામે, વાદીનો સ્થાનિકે કબજો ભોગવટો રહેલ છે જે ખુદ પ્રતિવાદીઓના સાહેદો દ્વારા તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે, અને તે કબજો ભોગવટો તેઓના વડીલોના વખત થી તેઓની જાણ અને સમજુતીથી રહેલ છે, જે અંગે, ની હકીકત પણ પ્રતિવાદીઓએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે, અહી વાદીએ ૬૦ વર્ષ ઉપરાંત સમય થી તેઓનો અવિરત અને કોન્સ્યસ પઝેશન રહેલ, તે હકીકત સ્પસ્ટ પણે રેકર્ડ પર પુરવાર થયેલ છે વધુમાં, વાદી તરફે આંક : ૭૦ થી લેખિત દલીલો આપવામાં આવેલ છે. **જ્યારે, પ્રતિવાદી તરફે વી.વકીલશ્રી ની દલીલ છે કે,** વાદી દ્વારા પ્રતિવાદીની માલિકીની કબ્જા ભોગવટા વાળી હાલની સવાલ વાળી મિલકત રહેલ હોવાની કોઈ હકીકત પુરવાર કરેલ નથી, વધુમાં, વાદ વાળી જમીન કલમ – ૭૩એએ હેઠળ સંરક્ષિત હોઈ તે થી કલેકટરશ્રી ની પૂર્વ પરવાનગી થી ટ્રાન્સફર થઇ શકે પરતું વાદી તથા તેઓના સાહેદો એ તે હકીકત સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, સદર જમીન કોઈ કાયદેસર વેચાણ દસ્તાવેજ કે, કોઈ લખાણ કે કલેકટરશ્રી ની મંજુરી કે હુકમથી તેઓની પાસે કબજો ભોગવટો આવેલ હોઈ અને પ્રતિવાદીઓના વડીલો દ્વારા સ્થળ પર કબજો ભોગવટો સોપેલ હોઈ તેવો કોઈ લેખિત આધાર રજુ થયેલ

નથી, વધુમાં, રેવન્યુ રેકર્ડ કે, ૭/૧૨, ૮–અ, પાણી પત્રક કે, ગામ નમુના નં.૬ માં કોઈ માલિકી કે કબજે દાર તરીકે પણ વાદીઓનો નામ નો ઉલ્લેખ થયેલ નથી અને વધુમાં, વાદી અને પ્રતિવાદી અલગ અલગ કુટુંબના હોઈ તે હકીકત ખુદ વાદી સ્વીકારેલ છે જેથી પણ તેઓ પ્રતિવાદીઓના વડીલોના કોઈ ઉત્તરાધિકારી નથી જેથી સ્થાનિકે વાદીઓનો કેહવાતો કબજો ગેરકાયદેસરનો અને કાયદા બહારનો હોવાનું પુરવાર થયેલ છે. જેથી વાદીનો દાવો રદ કરવા અરજ કરલે છે. સાથે **આંક – ૭૩ થી લેખિત દલીલો રજુ કરેલ છે.**

(૧૧) **FINDING & APPRICIATION OF EVIDENCE :** – ઉપરોક્ત મુદાઓના નિર્ણયના પર પહોચવા પુરાવાનું બન્ને પક્ષકારોએ રજુ કરલે પુરાવા અને પક્ષ નિવેદન થકી અત્રેની કોર્ટ દ્વારા દાવાના આખર નિર્ણય માટે, ઘડવામાં આવેલ મુદા નં.૫ ના નિર્ણય પર પહોચવા માટે, મુદા નં.૧ થી ૪, અંગે વાદી તથા પ્રતિવાદી પક્ષે રજુ થયેલ તમામ પુરાવા અને હકીકતોનું મુલ્યાંકન એક સાથે કરવું જરૂરી છે કારણ કે એક ની એક હકીકત અને પુરાવાના મુલ્યાંકન નું પુનરાવર્તન ન થાય અને તમામ મુદાઓ એક બીજા સાથે હકીકતો અને પુરાવા થી સંકળાયેલ હોઈ જેથી બિન જરૂરી પુનરાવર્તન ન થાય તે હેતુ થી તમામ મુદાઓને લક્ષે લઈ એક સાથે મુલ્યાંકન કરી તારણ પર પહોચવા માટે નામદાર ગુજરાત હોઈ કોર્ટ, તથા વિવિધ વડી અદાલતો તથા નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, **Ram Sarup Gupta (Dead) by LRs v. Bishun Narain Inter College and Ors.** (1987) 2 **SCC** 555 **:** "6. ... It is well settled that in the absence of pleading, evidence, if any, produced by the parties cannot be considered. It is also equally settled that no party should be permitted to travel beyond its pleading and that all necessary and material facts should be pleaded by the party in support of the case set up by it. The object and purpose of pleading is to enable the adversary party to know the case it has to meet. In order to have a fair trial it is imperative that the party should settle the essential

material facts so that other party may not be taken by surprise. The pleadings however should receive a liberal construction; no pedantic approach should be adopted to defeat justice on hair−splitting technicalities. Some times, pleadings are expressed in words which may not expressly make out a case in accordance with strict interpretation of law. In such a case it is the duty of the court to ascertain the substance of the pleadings to determine the question. It is not desirable to place undue emphasis on form, instead the substance of the pleadings should be considered. Whenever the question about lack of pleading is raised the enquiry should not be so much about the form of the pleadings; instead the court must find out whether in substance the parties knew the case and the issues upon which they went to trial. Once it is found that in spite of deficiency in the pleadings parties knew the case and they proceeded to trial on those issues by producing evidence in that event it would not be open to a party to raise the question of absence of pleadings in appeal." **"it is held despite the deficiency in pleadings, and the parties have proceeded to trial on those issues by producing evidence, then at a later point in time, it is not available to a party to object to the finding on lack of pleadings."** વધુમાં, **Bachhaj Nahar v. Nilima Mandal and Anr.** 2008 (17) **SCC** 491 : "10(i). No amount of evidence can be looked into, upon a plea which was never put forward in the pleadings. A question which did arise from the pleadings and which was not the subject matter of an issue, cannot be decided by the court." વધુમાં, **Biraji @ Brijraji and Anr. v. Surya Pratap and Ors.** 2020 (10) **SCC** 729 : "8. ...**It is fairly well settled**

that in absence of pleading, any amount of evidence will not help the party...." વધુમાં, **Vineeta Sharma v. Rakesh Sharma and Ors** (2020) 9 **SCC** 1"137.5. **In view of the rigour of provisions of the explanation to Section** 6(5) **of the** 1956 **Act, a plea of oral partition cannot be accepted as the statutory recognised as the mode of partition effected by a deed of partition duly registered under the provisions of the Registration Act,** 1908 **or effected by a decree of a court. However, in exceptional cases where plea of oral partition is supported by public documents and partition is finally evinced in the same manner as if it had been affected (sic effected) by a decree of a court, it may be accepted. A plea of partition based on oral evidence alone cannot be accepted and to be rejected outrightly." Ayaaubkhan Vs. State of Maharashtra, AIR** 2023 **SC** 58 : **Smt. Sudha Devi Vs. M. P. Narayanan** & **others, AIR** 1988 **SC** 1381. Affidavits not "evidence u/s. 3 of the Evidence Act : Affidavits have got no evidentiary value as the affidavits are not included in the definition of "evidence" in section 3 of the Evidence Act and can be used as evidence only if for sufficient reasons court passes an order like the one under O.19, Rule 1 & 2 of the CPC : વધુમાં, **Gautam Sarup V/s Leena Jetly** & **Ors.** 2009 **Sup AIR(SC)** 363 : (2008) 7 **Supreme Cases 85,** ઉપરોક્ત ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, પક્ષકાર દ્વારા જયારે પોતાના પક્ષ નિવેદનમાં કોઇ હકિકત જણાવેલ હોય ત્યારે તે જ કાર્યવાહીનાં આગળના તબક્કે પોતાના પક્ષ નિવેદનથી ઉપરોક્ત હકિકત જણાવવા પરવાનગી આપી શકાય નહિ. વધુમાં, સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, પક્ષકાર દ્વારા જયારે પોતાના પક્ષ નિવેદનમાં કોઇ હકિકતની સ્વીકૃતિ કરેલ હોય ત્યારે પક્ષકારને પક્ષ નિવેદનના સુધારા દ્વારા પોતાની

સ્વીકૃતિથી વિપરીત હકિકત જાહેર કરવા પરવાનગી આપી શકાય નહિ. વધુમાં, **Pari Kantilal Lalbhai V/s Devchand Nathalal Patel :** (1966) 7 **GLR** 1123 સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, પ્રતિવાદી દ્વારા પોતાના પક્ષનિવેદન કે પુરાવામાં વાદીની હકિકતને સ્વીકૃતિ આપેલ હોય ત્યારે સદર હકિકત વાદીએ પુરવાર કરવાની રહેતી નથી. વધુમાં, **Rana Bharatsinh Jashubha V/s Heirs of Valand Laljibhai Arjanbhai :** 2014(2) **GLR** 1688 સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, પક્ષકાર પોતાના પક્ષ નિવેદનથી વિપરીત પુરાવો આપે તો તે પુરાવો ધ્યાને લઇ શકાય નહિ. વધુમાં, **Biraji @ Brijraji and Anr. V. Surya Pratap & Ors.** 2020 (4) **GLH** (**N.O.C.**) 2 સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ ઠરાવેલ છે કે, જો પક્ષ નિવેદનમાં કોઇ હકીકતનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તો તેવી હકીકત અનુસંધાને પુરાવો રજુ થયેલ હોય તો પણ અદાલત તેવો પુરાવો ધ્યાને લઇ શકે નહિ. વધુમાં, **Anil Rishi vs Gurbaksh Singh** [**AIR** 2006 **SC** 1971] ના ચુકાદામાં ઠરાવેલ છે કે**,** કલમ–૧૦૧ નો પ્રાથમિક નિયમ અપરિવર્તશીલ છે અને આ આરંભિક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો તેનુ તે પાલન કરે અને પોતાના દાવાની દાદ માટે પોતે હક્કદાર હોવાનુ સાબીત કરે ત્યારે તેથી વિપરીત સાબીત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે. આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય છે.

(૧૨) **ઉપરોકત,** ચુકાદા ધ્યાને રાખતાં તથા રેકર્ડ પર આવેલ હકીકત અને રેકર્ડ પરનો પુરાવો અને હકીકત ધ્યાને લેતાં બન્ને પક્ષે રજુ થયેલ પુરાવા નું મૂલ્યાંકન કરવામાં આવે તો, વાદીનો દાવો છે કે, "મોજે સરકીલીમડી, તા.ભિલોડાની સીમના સર્વે.નં.૮૫ નો જેનો હાલ રી–સર્વે નં. બાદ નવીન બ્લોક/સર્વે.નં.૭૨ બનેલ છે. જેની કુલ્લ ૧–૮૯–૦૩ હે.આરે.ચો.મી આકાર ૩.૩.૦૦ પૈસાવાળી ખેતીની જમીન પૈકીની ૧–૨૩એ. ગુંઠાજમીન મૂળથી વાદીના વડવાઓ પાસે પત્યક્ષ કબજે ભોગવટે વાવેતર કરતા આવેલ છે. જે જમીન પૈકીની ૧–૨૩ એ. ગુંઠાની જમીન દાવા અરજીના પેરા – ૩, માં વર્ણન કરેલ છે તે મુજબની ચતુર્થસીમા, વાળી જમીન નો પત્યક્ષ કબજો ભોગવટો અને

વાવેતર કરતા આવેલ છે અને, પ્રતિવાદીઓના પિતાશ્રી કટારા કાવડાઈનાનો દાવાવાળી જમીન ઉપર કોઈજ કબજો ભોગવટો ન હોવા છતાં વાદીના કબ્જા ભોગવટાવાળી દાવાવાળી જમીન ૧ – ૨૩ એ, ગુંઠા વાદવાળી જમીન પણ રેન્વ્યું રેકર્ડ જેતે વખતે કોઈ પણ કબજો ન હોવા છતાં રેવન્યુ રેકર્ડ તદ્દન ખોટી રીતે તેઓના નામો ચઢાવી દીધેલ છે અને સ્થળ પર પ્રતિવાદીઓનો કબજો ભોગવટો આવેલ ના હતો અને આજે પણ નથી. જેથી વાદીએ તકરારી જમીન પર, વડીલોના વખત થી પ્રતિવાદીઓની જાણમાં સતત વિના રોકટોક, શાંત રીતે જમીનમાં ૬૦ વર્ષ ઉપરાંતના સમયથી કબજો ભોગવટો વાવેતર ધરાવતા હોઈ આ કમાન પ્રતિવાદીઓને દાવાવાળી મિલકતમાં વાદીનો રહેલો શાંત કબજો ભોગવટો કાયદાની પ્રકિયા સિવાય છીનવી લેવા હક્ક અધિકાર નથી તેવું ઠરાવી આપવા સાથે એડવર્સ પઝેશન ના આધારે માલિક મુખત્યાર બનેલ હોવાની અને કબજો પ્રતિવાદીઓ કે તેઓના મળતિયા કે એજન્ટો કે ભાડુતી માણસો, નોકરો હરકત – હેલો કરી પડાવીલે નહી તેવું ઠરાવી આપવા કાયમી મનાઈ હુકમ અને જાહેરતા નો દાવો કરલે છે, ઉપરોક્ત હકીકત પુરવાર કરવા વાદી પક્ષે રજુ થયેલ પુરાવા ને લક્ષે લેવામાં આવે તો, **આંક : ૨૭ વાદી કટારા સવિતાબેન સ્પસ્ટ પણે જનાવ્લે છે કે,** સ.નં.૮૫ માં તમામ પ્રતિવાદીના નામે ચાલ છે, મંગળાભાઈ મારા પતિ થાય છે, સ.નં.૮૫ મા મારા પતિ કે તેમના પીતાનુ નામ ચાલતુ નથી, એ વાતની મને ખબર છે કે, આદિવાસીની જમીન ખરીદવી હોય તો કલેકટરશ્રીની મંજુરી લેવી પડે, સ.નં.૮૫ મા મારુ કે, મારા પતિના નામે પાણી પત્રક થયેલ નથી, કટારા કાવડાજી સાંજાજી તેમના વારસદારો તરીકે કે, અમારા પતિ કે, અમારા સસરા આવતા નથી, આ કામના પ્રતિવાદીને કોઈ ભાઈ નથી, દાવાવાળી જમીનમાં ૬૦ વર્ષથી કબજો ભોગવટો હોવા અંગેનો કોઈ લેખીત પુરાવો આ કામે રજુ કરેલ નથી, આ અંગેની કોઈ પોલીસ ફરીયાદ કરેલી નથી, સ્થળ ઉપર પ્રતિવાદી માલીક છે પરંતુ વાવીએ અમે છીએ. **વધુમાં, આંક : ૩૭ થી, સાહેદ, કટાર અલેશ મંગળાભાઈનું સ્પસ્ટ પણે જણાવેલ છે કે,** પ્રતિવાદી જુમલીબેન કાવડાજી, કટારા હન્નાબેન, કટારા કોદરીબેન, કટારા કોદરીબેન તે મારા પપ્પાના સગાબેન નથી કે, મારા દાદાના બેન પણ નથી, મોજે સરકીલીમડી

ગામનો જુનો સર્વે નંબર ૮૫ તે હાલ નવો સર્વે નં. ૭૨ છે તેની મને ખબર છે, સાત બાર ના ઉતારા ના નમુના મા કટરા જુમલીબેન, કટારા હન્નાબેન, કટારા કોદરીબેન, કટારા મંગુબેન ના નામ આવેલા છે, હાલના સર્વે નંબર વાળી જમીન એમના નામ પહેલા એમના બાપુજી કટારા કાવડાજી ના નામે હતી, આ જમીન મારા બાપુજીએ વેચાણે રાખેલ હોય તે અંગેના કાગળો રજુ કરેલ નથી, અમારો કબજો હોવા અંગે કોઈ પુરાવો કે પાણી પત્રક થતુ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી, પ્રતિવાદી ના પિતાજી કટારા કાવડાજી સાંજાજી ના સીધીલીટીના વારસદારોમા કે, મારા પિતાજી આવતા નથી, કે અમારા પિતાજી રેવન્યુ રેકર્ડે માલીક નથી, આ જમીન અમારા નામે કરવા કલેકટરશ્રીની મંજુરી લીધી હોય તેવુ બનેલ નહી, મારા દાદાની જમીનમા સીધીલીટીના વારસદાર તરીકે અમારી જમીન આવેલી છે, અને તેમા ખેતી કરીએ છીએ, આ જમીનનો સર્વે નંબર હાલ ખબર નથી. **વધુમાં, આંક : ૩૯ થી સાહેદ, કટાર બચુંભાઈ નાનજીભાઈ સ્પસ્ટ પણે જણાવેલ છે કે,** રેવન્યુ રેકર્ડે બ્લોક નં. ૭૨, સર્વે નં. ૮૫ વાળી જમીન હાલના પ્રતિવાદી ઓના નામે ચાલે છે, આ જમીન પ્રતિવાદી ઓના વડીલોપાર્જીત જમીન છે, હાલના પ્રતિવાદી જુમલીબેના પિતાશ્રીના પેઢીનામામાં હાલના વાદી વારસદાર તરીકે આવતા નથી, પ્રતિવાદીઓએ આ કામના વાદીને દાવાવાળી જમીન વેચેલ નથી, આદિવાસીની જમીન વેચવા માટે કલેકટરની મંજુરી લેવી પડે, વધુમાં વાદી જણાવેલ છે કે, વાદી મંગળાભાઈ કબજો ધરાવે છે પરંતુ પાણી પત્રકની મને ખબર નથી, મારે મંગળાભાઈ ના પરીવાર સાથે સારા સબંધો છે. **વધુમાં, આંક : ૪૦ થી સાહેદ, કટારા વિશ્રામભાઈ મોગજીભાઈ સ્પસ્ટ પણે જણાવેલ છે કે,** કાવડાજી સાંજાજી કટારાને કોઈ દિકરો સંતાન નથી, હાલના વાદી કટારા મંગળાભાઈ ખીમજીભાઈ આ કામના પ્રતિવાદીઓના પિતા કટારા કાવડાભાઈ સાંજાજીના સીધી લીટીના વારસદારોમાં આવતા નથી, પ્રતિવાદીઓ અને તેમના વારસદારો સર્વે નં.૭૨ માં નિયમિત ખેતી કરે છે, આદિવાસીની જમીન વેચાણ કરવી હોય તો ૭૩એએ મુજબ કલેકટરશ્રીની મંજુરી લેવી પડે, વાદીએ સર્વે નં.૭૨ વેચાણ રાખેલ હોય તેવું પણ બનેલ નથી. **વધુમાં, આંક : ૪૧ થી સાહેદ, કટાર મગ્નભાઈ દિતાભાઈ સ્પસ્ટ પણે જણાવેલ છે કે,** કટારા કડવાજી

સાંજાજી ના પેઢીનામામાં સીધી લીટીના વારસદાર તરીકે વાદી આવતા નથી, સર્વે નં.૮૫ માં રીંગ બોર અને વીજ કનેકશન પણ છે, સર્વે નં.૮૫ માં બોર અને કનેકશન પ્રતિવાદી જુમલીબેન, મંગુબેન, હન્નાબેન ના નામે છે, આદીવાસીની જમીન વેચાણે આપવી હોય તો કલેકટર ની મંજુરી લેવી પડે છે, સાહેદ સ્વેછાએ જણાવે છે કે, વેચાણે આપેલ નથી, સર્વે નં.૮૫ ના ૭/૧૨ ના ઉતારા પ્રતિવાદીના નામે આવેલા છે, સર્વે નં.૮૫ ના કાયદેસરના હકક ધરાવનાર વ્યક્તિઓ પ્રતિવાદી બહેનો થાય તેની મને ખબર છે, હું ભણેલો ન હોઈ સરતપાસમાં લખેલ હકિકત વાંચેલ નહિ, કોઈ વયકિત ખેતી કરે તો તે માલીક ન બની જાય. આમ, ઉપરોક્ત તમામ, વાદીના સાહેદોની વિસ્તૃત ઉલટ તપાસ પર થી એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, આ કામના વાદીઅને પ્રતિવાદી એકજ કુટુંબના કે એકજ બાપ દાદાના સંતાનો નથી કે તેઓની કોઈ સંયુક્ત મિલકત વડીલો વખત થી આવેલ નથી. વધુમાં, સદર જમીન પર વાદીનો વારસાઈ હક્કે કે, તકરારી મિલકત પ્રતિવાદીઓ પાસેથી વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરલે હોઈ અને કલમ – ૭૩એએ હેઠળ કલેકટરશ્રીની પૂર્વ મંજુરી મેળવી તેના આધારે પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવતા હોઈ અને જે પ્રતિવાદીઓની સંમતી થી મેળવેલ હોઈ અને પ્રતિવાદીઓની જાણમાં સતત ૧૨ કે ૩૦ વર્ષ ઉપરાંત સમય થી અવિરત અને બીના કોઈ તકરાર કબજો ભોગવટો ધરાવતા હોઈ તેવો કોઈ ઠોસ હકીકત પુરવાર કરેલ નથી. જયારે, પ્રતિવાદીઓ નું પ્લીડિંગસ છે કે, વાદવાળી જુનો સર્વે નં. ૮૫ જેનો નવો બ્લોક સર્વે નં. ૭૨ માં ક્યારે કોઈ પ્રકારે કોઈ પણ જાતનો હક્ક કે અધિકાર આવેલ નથી સદર બ્લોક/સર્વે નં. પ્રતિવાદી સિવાય સ્થળ પર કે રેવન્યુ રેકર્ડ પ્રતિવાદીઓ સિવાય બીજા કોઈ માલિક નથી કે બીજા કોઈ કબજો અધિકારી નથી, અને પ્રતિવાદીઓ સિવાય બીજું કોઈ ખેતી કરતું નથી. અને વાદ વાળી જમીન સંયુક્ત માલિકી અને વડીલોપાર્જીત મિલકત આવેલી છે. તેઓના બાપ દાદા પ્રત્યક્ષ કબજો ભોગવટો, ધરાવી ખેતી કરતા હતા, અને હાલ પ્રતિવાદીઓ કબજો ભોગવટો ધરાવી ખેડ ખાતર વાવેતર કરે છે. વાદીનું કુટુંબ અને બાદ બાપ દાદાનું કુટુંબ અલગ હોઈ વાદી વારસદાર તરીકે પણ આવે શકે તેમ નથી. વાદી ફકત પ્રતિવાદીઓની જમીનના પાડોશી હોઈ અને પ્રતિવાદીઓનો કોઈ ભાઈ ના હોઈ આ

દાવાવાળી જમીન પડાવી લેવા હાલનો અવાર નવાર ધાક ધમકી આપી ખરાબ ગાળો બોલી પ્રતિવાદીઓ એ કરેલ વાવેતરનું ભેલાણ કરી વેચાણ આપી દેવા ધમકીઓ આપે છે. પ્રતિવાદીઓ રેવન્ય રેકર્ડ અને સ્થળ પર કબજો ભોગવટો અને માલિકી ધરાવે છે, જયારે પ્રતિવાદી નં. ૧ દ્વારા વાદીનું સ્થળ પર કબજો હોવાનું અને વરસો થી રહેલ હોવાનું તેઓના લેખિત જવાબમાં સ્વીકારેલ છે અને વાદીનો દાવો મંજુર કરવા કોઈ વાંધો તકરાર નથી એવું જાહેર કરલે છે. ઉપરોક્ત હકીકત પુરવાર કરવા પ્રા.વાદી પક્ષે રજુ થયેલ પુરાવા ને લક્ષે લેવામાં આવે તો, **આંક : ૫૯ થી પ્રા.વાદી નં.૩ કટારા હન્નાબેન કાવડાજી તે જીવાભાઈ અસારી સ્પસ્ટ પણે જણાવેલ છે કે,** જુમલીબેન પ્રતિવાદી નં.૧ મારી મોટીબેન થાય છે, દાવાવાળી જમીન જુમલીબેનનો ૧ એકર અને ૨૩ ગુઠા ભાગ આવેલ છે તથા બાકી ની જમીનમાં અન્ય પ્રતિવાદીઓ નો ભાગ આવેલ છે, સદરહુ જુમલીબેન ને ૧ એકર ૨૩ ગુઠા ભાગ વાળી તથા અમારી જમીન વચ્ચે શેઢા આવેલ છે, વાદી મંગળાભાઈ ખીમજીભાઈ ની બધી બહેનો કુટુંબની ફોઈઓ થઈએ છીએ, જુમલીબેનના હિસ્સાની ૧ એકર ૧૩ ગુઠા જમીનમાં વાદી વાવેતર કરે છે, જયારે બાકીના હિસ્સાની જમીનમાં અમો પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓ વાવેતર કરે છે, દાવા વાળી જમીનનો વાદીઓ પાસેથી કબજો પરત લેવા અમોએ કે જુમલીબેને કોઈ કોર્ટ કેસ કરેલ છે કે કેમ?, **વધુમાં, આંક : ૬૫ થી પ્રા.વાદી નં.૨ કટારા મંગુબેન ડો/ઓ, કાવડાજી કટારા સ્પસ્ટ પણે જણાવેલ છે કે,** દાવાવાળી જમીન જુમલીબેન નો ૧ એકર અને ૨૩ ગુઠા ભાગ આવેલ છે તથા બાકીની જમીનમાં અન્ય પ્રતિવાદીઓ નો ભાગ આવેલ છે, સદરહુ જુમલીબેનને ૧ એકર ૧૩ ગુઠા ભાગ વાળી તથા અમારી જમીન વચ્ચે શેઢા આવેલ છે, વાદી મંગળાભાઈ ખીમજીભાઈ ની બધી બહેનો કુટુંબની ફોઈઓ થઈએ છીએ, જુમલીબેનના હિસ્સાની ૧ એકર ૨૩ ગુઠા જમીનમાં વાદી વાવેતર કરે છે, જયારે બાકીના હિસ્સાની જમીનમાં અમો પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓ વાવેતર કરે છે, જુમલીબેન ના હિસ્સાની જમીન વાદી બાપદાદા વખત થી વાવેતર કરે છે, દાવાવાળી જમીનની ચર્તુરસીમાં છે તે મને ખબર નથી, વાદી વડીલો વખત થી જુમલીબેન ની દાવાવાળી જમીનમાં વાવેતર કરતા હોઈ જે દાવાવાળી જમીનનો કબજો લેવા માટે વાદી વિરુધ્ધ

જુમલીબેને કે અમોએ આજદીન સુધી કોઈ કાર્યવાહી કરેલ નથી. **વધુમાં, આંક : ૬૬ થી પ્રા.વાદી નં.૪/૧, હીરાભાઈ કમજીભાઈ ડોડીયાર સ્પસ્ટ પણે જણાવેલ છે કે,** જુમલીબેન નું આવેલ ૧ એકર ૨૩ ગુઠામા આવેલ વાદી ઓનો વર્ષા થી આવેલ કબજો વાદીઓ પાસે થી પરત લેવા માટે જુમલીબે ને કોઈ કાર્યવાહી કરેલ નથી, અમોએ વાદીઓ પાસે થી કબજો પરત મેળવવા આજ દીન સુધી દાવો કરેલ નથી. ઉપરોક્ત હકીકત ધ્યાને લેવામાં આવે તો, પ્રતિવાદી પક્ષેના સાહેદો સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, વાદ વાળી જમીન પૈકી ૧–૨૩ ગુંઠા જમીન માંથી ૧ – ૧૩ ગુંઠા જમીન પર વાદીઓ ખેતી કરે છે અને કબજો ભોગવટો તેઓની પાસે છે, અને તે જમીન જુમલીબેન એટલે કે પ્રતિવાદી નં.૧ ની માલિકીની જમીન રહેલ છે જે તેઓને હિસ્સા વ્હેચણી થી મળેલ છે, પરંતુ, અહી નોધવું જરૂરી છે કે, રેકર્ડ પર વાદીએ કોઈ હિસ્સા વ્હેચણી થયેલ હોઈ અને જુમલીબેન પાસે તે મુજબની જમીનનો કોઈ હક્ક હિસ્સો આવેલ હોઈ અને, તે જમીન જુમલી બેન દ્વારા વાદીનો વેચાણ કે ગીરો કે અન્ય કોઈ રીતે હસતાનતરીત કરેલ હોઈ તેવો કોઈ ઠોસ પુરાવા વાદી પક્ષે રેકર્ડ પર પુરાવામાં જૂર કરવામાં આવેલ નથી. વધુમાં, વાદી દ્વારા નિશાની ૪/૧ થી ૪/૩ સુંધી ના દસ્તાવેજ સાથે પ્રતિવાદી દ્વારા રજુ નિશાની ૬૦/૧ થી ૬૦/૬ સુંધીના દસ્તાવેજ કે જે રેવન્યુ રેકર્ડ હોઈ તે ધ્યાને લેતા, જમીન હાલમાં તમામ પ્રતિવાદીઓના સંયુક્ત નામે ચાલે છે અને, તે જમીનપર તમામ નો સંયુક્ત રીતે કબજો ભોગવટો આવેલ હોવાનું પ્રસ્થાપિત થયેલ છે. વધુમાં, હાથ પરના દાવાના કામે વાદીઓ દ્વારા પ્રતિવાદી નં. ૧ ને સાહેદ તરીકે બોલાવી તપાસવામાં આવેલ નથી, કે તેઓનો સોગંદ પર પુરાવામાં તેઓ દ્વારા વાદ વાળી જમીન પૈકીની તેઓના હિસ્સાની જમીનનો કબજો ભોગવટો વાદીઓને આપેલ હોને અને તે જમીન પર વાદીઓ છેલ્લા ૬૦ વર્ષ થી કબજો ભોગવટો ધરાવતા હોઈ તેવો કોઈ સોગંદ પર પુરાવા પ્રતિવાદી નં.૧ વાદી ના પક્ષે, આપવામાં આવેલ નથી. જેથી પ્રા.વાદી એ વાદીની દવા અરજીની હકીકતો ને કરેલ સમર્થન વાળી હકીકત પુરવાર થયેલ માની શકાય નહી. વધુમાં, વાદી દ્વારા સ્થાનિકે તેઓનો કબજો ભોગવટો છેલા ૧૨ વર્ષ કે ૩૦ વર્ષ ઉપરાંત સમય થી અવિરત અને વિના કોઈ રોક ટોક અને તકરાર ને રહેલ હોઈ અને હોસ્ટાઈલ

પઝેશન થી રહેલ હોઈ તેવો કોઈ સ્પસ્ટ હકીકત કે પુરાવા તારીખ સહીત પુરવાર કરેલ નથી, વાદી પાસે તેઓના બાપ દાદાના વખત થી કબજો ભોગવટો રહેલ હોવાનું માત્ર પ્લીડિંગસમાં જણાવેલ છે પરંતુ, તે અંગે કોઈ રેવન્યુ રેકર્ડ કે, કોઈ અન્ય દસ્તાવેજી આધાર પૂરાવા કે, કોઈ લેખિત સંમતી પત્ર કે કોઈ મિલકત તબદીલી અંગેનો કોઈ કરાર કે આધાર રજુ કરેલ નથી, વધુમાં, વાદી પાસે કેહવાતો કબજો કઈ તારીખ થી અને કેવી રીતે ટ્રાન્સફર થઈ આવેલ છે તે અંગે કોઈ ઠોસ હકીકત દાવા અરજી કે સોગંદપરના સર તપાસમાં વાદી અને સાહેદો દ્વારા સ્પસ્ટ પણે જણાવેલ નથી. વધુમાં, પ્રતિવાદી નં. ૧ ને વાદ વાળી જમીન નો તેઓના ભાગે આવેલ હિસ્સો વાદીઓને ટ્રાન્સફર કરલે હોઈ તેઓ કઈ તારીખ થી અને ક્યારે મિલકત વ્હેચણી થયેલ અને થયેલ તેઓ તેઓનો કોઈ મૌખિક કે લેખિત આધાર પુરાવા વગર માત્ર કલેવર ડ્રાફ્ટીંગ થી હકીકત રજુ કરલે છે પરંતુ તે પુરવાર થયેલ નથી કે, વાદી એ ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની કલમ – ૭૩.એએ ની જોગવાઈઓ ને આધીન કલેકટરશ્રી ની પૂર્વ મંજુરી અને પરવાનગી થી પ્રતિવાદી નં.૧ પાસેથી તકરારી જમીનનો કબજો ભોગવટો મેળવેલ છે. વધુમાં, વાદીએ કોઈ સ્થાનિકે કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા પંચનામું કરાવી અને પંચો ને અને કોર્ટ કમિશ્નરશ્રીને સોગંદ પર તપાસી રેકર્ડ પર પુરવાર કરેલ નથી કે, સ્થાનિકે કેહવાતી ૧–૨૩એ ગુંઠા જમીન જે દાવાઅરજી ના પેરા નં.૫ માં વર્ણન કરલે છે તે મુજબની ચતુર્થ દિશા વાળી તકરારી જમીન મૂળ પ્રતિવાદી નં.૧ ને વારસાઈ હક્કે અને વડીલો પાર્જીત મિલકતની વ્હેચણી થી મળેલ છે અને તેનો પ્રત્યક્ષ કબજો ભોગવટો ૧૨ વર્ષ કે તેથી ઉપરાંત સમય થી, વાદીઓ પાસે રહેલ છે અને જે પજેશન હોસ્તાઈલ સ્વરૂપનું છે. અને કલમ – ૭૩.એએ ની આધીન પઝેશન રહેલ છે. આ તબ્બકે, નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, **Amrendra Pratap Singh v. Tej Bahadur Prajapati & Ors.** (2004) 10 **SCC** 65, The Supreme Court held that where a statute explicitly imposes a bar on the alienation/transfer of tribal land to non–tribals to protect disadvantaged tribal owners, a non–tribal cannot acquire title over such land through adverse possession. Bypassing a statutory prohibition via

prescription/adverse possession would defeat the protective intent of the law. વધુમાં, **Lingappa Pochanna Appelwar v. State of Maharashtra** (1985) 1 **SCC** 479, Upheld special statutory measures prohibiting the transfer of tribal lands. The Supreme Court affirmed that state legislation restricting tribal land alienation is constitutionally protected to prevent tribal exploitation. તથા નામદાર ગુજરાત હાઈ કોર્ટ **Laxmiben Becharbhai Vasava v. State of Gujarat** (2018) The Gujarat High Court reiterated that under Section 73AA(1) of the Gujarat Land Revenue Code, 1879, any transaction involving the transfer of tribal land without prior Collector sanction is void ab initio. Unsanctioned occupancy or possession confers no legal rights or title upon the transferee. તથા **Punjabhai Jethabhai Patel v. State of Gujarat** (2005)/ **Shamjibhai v. Principal** (2010) Reaffirmed that Section 73AA places a strict statutory embargo on land transfers without previous permission. Revenue authorities have the mandatory statutory power to summarily evict unauthorized occupants under Section 73AA(4) and restore land to the tribal owner. તથા નામદાર સર્વોચ્ચ અદાલત નો ચુકાદો, **Karnataka Board of Wakf v. Government of India** & **Anr.** (2004) 10 **SCC** 779 The Supreme Court laid down the strict requirements for pleading adverse possession: A person claiming adverse possession must specify when possession became adverse, the exact nature of possession, and whether it was open and continuous. A mere claim in the plaint without cogent physical/documentary proof fails to meet the legal standard. વધુમાં, **T. Anjanappa** & **Ors. v. Somalingappa** & **Ors.** (2006) 7 **SCC** 570 Possession must be open, hostile, and in denial of the true owner's

title. If possession itself is disputed or ambiguous, adverse possession cannot be presumed or decreed based on mere oral statements. વધુમાં, **Government of Kerala v. Joseph** (2023 **SCC OnLine SC** 1211) The Supreme Court reiterated that courts must be extremely cautious when granting adverse possession decrees. **The burden of proof lies heavily on the claimant to demonstrate continuous, exclusive physical control backed by clear evidence.** વધુમાં, **M. Venkatesh v. Bangalore Development Authority** (2015) 17 **SCC** 1 In the absence of material documentary evidence (such as revenue records, land tax receipts, electricity bills, or physical structures), **mere long-standing assertion of possession in pleadings does not establish actual physical possession.** વધુમાં, **State of Gujarat v. Vanitaben Vijaykumar Savak** (2025) The High Court held that regardless of the mode of transfer or claim, if the net consequence violates tribal land protection laws under the Land Revenue Code, courts will not validate such claims without strict compliance with statutory procedures. વધુમાં, **Cite Amrendra Pratap Singh (SC) & Laxmiben Becharbhai Vasava (Guj):** Argue that adverse possession cannot be claimed over Section 73AA-protected tribal land without Collector approval. વધુમાં, **Cite Karnataka Board of Wakf (SC) & M. Venkatesh (SC):** Highlight that the **plaintiff has provided no revenue entries (7/12 extracts, tax receipts) to prove physical possession, and mere pleadings carry no evidentiary weight.** આમ ઉપરોક્ત ચુકાદાઓને લક્ષે લેતા, દાવાની જમીન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૭૩.એએ દ્વારા સંચાલિત પ્રતિબંધિત માલિકીની જમીન છે, જે કલેક્ટરની પૂર્વ પરવાનગી વિના આદિવાસી

માલિક પાસેથી ભોગવટાના અધિકારોને તથા જમીન હસ્તાંતરીત કરવા ને પ્રતિબંધિત કરે છે. **આ તબ્બકે,** કાયદાકીય જોગવાઈ અહી ધ્યાને લેવામાં આવે તો, **બટુકભાઈ ગોપાલ ભાઈ પટેલ વિરુદ્ધ રવજીભાઈ ભાંગડ ઉકાભાઈ રાઠોડ R/Special Civil Application No. 17644 of 2017 Dt. 7th May, 2021 કલમ ૭૩એએ** (કાનૂની બાર અને રદબાતલ કરાર) ની અસર ગુજરાત જમીન મહેસૂલ સંહિતાની કલમ ૭૩એએ સ્પષ્ટ પણે કલેક્ટર ની પૂર્વ મંજૂરી/પરવાનગી વિના અનુસૂચિત જનજાતિના સભ્યો દ્વારા રાખવામાં આવેલી કબજા કોઈ પણ વ્યક્તિને ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ મૂકે છે. વધુમાં, કલમ ૭૩એએ હેઠળ સુરક્ષિત જમીન માટે, કબજા સાથે વિભાજન પરવાનગી વિનાનો કબજો ઘણી વાર પ્રતિબંધિત કાર્યકાળના ભંગ તરીકે જોવામાં આવે છે. જો કબજો પોતે જ કાયદાકીય જોગવાઈ નું ઉલ્લંઘન કરે છે, તો કલમ ૫૩(એ) હેઠળનું રક્ષણ આદિવાસી જમીનના રક્ષણ માટે રચાયેલ સ્પષ્ટ કાયદાકીય અવરોધ ને ઓવરરાઇડ કરી શકતું નથી. વધુમાં, વધુમાં, **Agriculture produce Market Committee v. Bhandari Dhirubhai Narshinbhai** [2008 (1) **GLH** 1879] ના ચુકાદામાં નામ.ગુજરાત હાઇકોર્ટે ઠરાવેલ છે કે પ્લીડીંગમાં દર્શાવેલી હકીકત તે અંગે પુરાવો રજુ કર્યા સિવાય સાબીત માની શકાય નહી સદરહુ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, દાવા અરજી કે દાવા જવાબમાં કોઇ પણ હકીકત જણાવેલ હોય પણ જયા સુધી તે હકીકત મૌખિક પુરાવામાં અદાલત સમક્ષ સોંગદ ઉપર જણાવવામાં ન આવે ત્યા સુધી તે હકીકત પુરાવાનો ભાગ બની શકે કે તેવી હકીકત અદાલત ધ્યાનમાં લઇ શકે નહી કારણ કે દાવા અરજી કે દાવા જવાબ પોતે કોઇ પુરાવો નથી. લેટીન મેકસીમ છે તે અત્રે વંચાણે લેવું યોગ્ય જણાય છે, "**Affirmantis est probare.**" [**The person who affirms must prove.**] "**Affirmanti, non neganti, incumbit probatio.**" [**The proof is incumbent upon the one who affirms, not on the one who denies.**] જેથી, ઉપરોક્ત વિગતે પુરાવાનું મૂલ્યાંકન ધ્યાને રાખતી બન્ને દાવાના કામે સંયુક્ત **મુદા નં.૧ થી ૨ અને ૪ નો જવાબ નકારમાં** ઠરાવી,

જ્યારે **મુદ્દા નં. ૩ નો જવાબ હકારમાં** ઠરાવી, **મુદ્દા નં. ૫, અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ** ફરમાવે છે.

:: FINAL ORDER ::
– :: આખરી હુકમ :: –

૧. વાદીનો **દાવો આથી નામંજુર (૨૬)** કરવામાં આવે છે.
૨. તથા, **દાવાની જમીનનો પર વાદીનો જોઈ કબજો હોઈ તો તે કબજો ગેરકાયદેસર કબજો હોવાનું જાહેર કરવામાં આવે છે અને હુકમ થી બે (૨) મહિનાની અંદર વાદીને ખાલી, શાંતિપૂર્ણ કબજો સોંપવાનો નિર્દેશ આપવામાં આવે છે.**
૩. **વાદીઓએ** પ્રા.વાદીની જમીનમાં **જાતે કે, એજન્ટો, મળતીયાઓ અને, તેઓના વાલી વારસો દ્વારા પ્રવેશ** કરવા પર **કાયમી પ્રતિબંધ ફરમાવવામાં** આવે છે.
૪. **દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.**
૫. હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તા.૩૧, માહે – જુલાઇ, સને – ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ ૩૧/૦૭/૨૦૨૬.
મુકામઃ ભિલોડા.

(આનંદ.એ.દવે)
એડી. સિવિલ જજ – ભિલોડા.
જી.જે.૦૧૪૪૨

ટાઈપ કરનાર : ડી.આર.પટેલ (ગુજરાતી સ્ટેનો)